# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

દૂરતા કોઈ વખત મોંઘી પડી,
પણ નિકટતા તો સતત મોંઘી પડી.

જીવવા જેવું જ જીવાયું નહી,
જીવવાની આવડત મોંઘી પડી.

મ્હેંક તારા શહેરમાં સારી હતી,
શ્વાસમાં ગઈ કે તરત મોંઘી પડી.

આમ તો ઘરમાં કશું નહોતું છતાં.
બહાર રહેવાની શરત મોંઘી પડી.

-જવાહર બક્ષી

## પાથેય

# જીવવાની આવડત

- રમેશ ઠક્કર

આપણી આસપાસનો મોહપાશ જબરો હોય છે.કેટલીક વસ્તુઓ નજીક લાગે છે તો અમુક દૂર લાગતી હોય છે.આ દૂરતા અને નિકટતાનો ખયાલ સમજવા જેવો છે.આમ જોઈએ તો એક સાપેક્ષ વસ્તુ છે.ભૌગોલિક રીતે જે દૂર છે એની વાત જુદી છે.એ વાસ્તવિક છે.માણસનુ

મન જે માપદંડ રાખે છે,એમાં દૂર અને નજીકના ખયાલો અલગ હોય છે.ઘણીવખત જેને આપણે દૂર માની ભાગતા રહીએ છીએ અથવા તો અવગણતા રહીએ છીએ એવી ચીજો ખોટી સાબિત થતી હોય છે.જેને આપણી નીકટ અથવા તો આત્મીય ગણી પ્રેમ કરતા રહીએ એવી ચીજો વાસ્તવમાં આપણાથી લાખો જોજન દૂર હોય છે. ત્યારે કહી શકાય કે આવી નીકટતાખરેખર મોંઘી હોય છે !

આપણે જીવવાનું પણ એક શાસ્ત્ર વિકસાવ્યું છે.જિંદગીના કોઈ એવા ચોક્કસ માપદંડોના હોઈ શકે.એ વહે છે, જેમ કોઈ જળપ્રવાહ પોતાનો રસ્તો શોધી લે છે એમ.જીવન એક કુદરતી પ્રવાહની જેમ વહેતું રહે છે.આપણને લાગે છે કે કોઈ આયાસ કરીએ છીએ એનો આ પ્રયાસ છે,પરંતુ હકીકતમાં એવું હોતું નથી.જીવવા જેવું હોય છે એ ખરેખર જીવતા નથી.એની આવડત કેળવવામાં જ સમય વિતાવી નાખીએ છીએ. ઘણીવખત જીવવા કરતાં જીવવાની આવડત મોંઘી સાબિત થતી હોય છે !

સંબંધનું કામ સુગંધ જેવું છે.એ ફેલાય એટલે આપોઆપ એનો અનુભવ થાય છે.એ હંમેશા ગમે છે.મહેંક આખા શહેરમાં પ્રસરી જાય અને એ આપણાથી અલિપ્ત હોય એવું કેમ બને ? મહેંક એટલે સંબંધ. એની પાછળ આપણો મોહ હોય છે આ મોહ અથવા લગાવ એ જ આપણી મર્યાદા બની જાય છે.એ રીતે જોઈએ તો જે મહેક આપણા શ્વાસમાં ઘૂસી જાય છે એ મોંઘી સાબિત થાય છે.કવિ મહેકના પ્રતીક દ્વારા આપણા આસકત ભાવની વાતને? સરસ રીતે ઉપસાવે છે.

માણસનો સ્વભાવ એવો છે કે એને પોતાનો વૈભવ ઓછો લાગે.એવું લાગે છે કે બધા જ સુખો બહાર છે.એટલે જ એનું મન આમતેમ ભટકતું રહે છે.એ જો નિરાંતે જુએ તો ખ્યાલ આવે કે સાચું સુખ તો આપણી અંદર અને આપણા નિવાસમાં જ રહેલું છે!આપણે એને ખાલીખમ માનતા હોઈએ છીએ. આ ભ્રમજાળ સમજવા જેવી છે.

પોતાનું જીવન એટલે જાણે પોતાની આસપાસનો માહોલ એવું આપણે માનતા રહીએ છીએ.આવો એક ભાવ સામાન્ય રીતે દરેકમાં હોય છે. અને એટલે જ આમતેમ આડાઅવળા ફાફા મારવાની ઘણાને આદત પણ હોય છે. આ મિથ્યા આવનજાવનની બહુ મોડા ખબર પડતી હોય છે.આપણું જે કંઈ છે એ આપણી પોતાની પાસે જ હોય છે.બહાર જોવાની કે કશું શોધવાની મથામણ ઘણીવાર એ? હદે થતી રહે છે કે સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવતો નથી.જ્યારે એવું માનીએ છીએ કે આપણા ઘરમાં કશું નથી ત્યારે બહારથી કશુંક શોધવાની આદત ખરેખર મોંઘી પડી જતી હોય છે !

# માનવજાતનો કાવ્યમય ઈતિહાસ



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(સંવાદ)

(મહર્ષિ વેદવ્યાસ આસન ઉપર બીરાજ્યા છે. ત્યાં બારેક વર્ષનો કિશોર પ્રવેશે છે.)

વ્યાસ : તને લખતાં આવડે છે ?

કિશોર : નહિ, કેમ ?

વ્યાસ : મેં એક મહાકાવ્ય રચ્યું છે. મેં એ પૂરું કર્યું છે. પણ કશું લેખિત નથી. હું જે જાણું છું, એ લખી આપે, એવા કોઈકની મારે જરૂર છે.

કિશોર : તમારું નામ શું ?

વ્યાસ : વ્યાસ.

કિશોર : તમારું કાવ્ય શેના વિષે છે ?

વ્યાસ : તારા વિષે.

કિશોર : મારા વિષ?

વ્યાસ : હા. એ તારી જાતિની - માનવકુળની કથા છે. માનવજાતનો એ કાવ્યમય ઈતિહાસ છે. જો તું ધ્યાનથી સાંભળીશ, તો તું અંતે, તું નહિ રહે. કારણ કે એ સ્ફટિક જેવું નિર્મળ છે; એમાં કશું બાકાત રહી જતું નથી. એ તમારા પાપ ધૂએ છે, બુદ્ધિ સતેજ કરે છે, અને લાંબુ આયુષ્ય આપે છે.

(અચાનક દૂરથી આવી રહેલ વિશિષ્ટ આકાર તરફ કિશોર આંગળી ચીંધે છે. હાથીનું માથું અને મનુષ્યનું શરીર. હાથમાં લેખક સામગ્રી. પ્રભાવશાળી વ્યક્તિત્વ.)

વ્યાસ (પ્રેમથી આવકારે છે.) ગણેશ ! આવ, આવ.

ગણેશ : મેં સાંભળ્યું છે કે - મનુષ્ય જાતિના કાવ્યમય ઈતિહાસ લખવા માટે, તમારે કોઈ લહિયાની જરૂર છે. હું તમારી સેવામાં છું.

કિશોર : તમે ખરેખર ગણશે છો?

ગણેશ : સદેહે. હું ગણેશ છું - વિઘ્નહર્તા.

(અત્યંત કાળજીપૂર્વક એ પોતાનું સ્થાન કહે છે અને વ્યાસને કહે છે.)

હું તૈયાર છું. તમે શરું કરો - પણ હું તમને ચેતવું છું. હું એકવાર લખવાની શરુઆત કરું, પછી મારો હાથ અટકતો નથી. એક પણ વાર અટક્યા વગર, તમારે મને લખાવવું પડશે.

વ્યાસ : અને તમારે પણ - કશું ઉતારતાં પહેલાં, હું જે અર્થમાં કહેવા માગું છું, એ સમજી લેવાનું.

ગણેશ : ભરોસો રાખો.

વ્યાસ : પ્રારંભ કરવાની મને થોડી મૂંઝવણ છે. મને ખબર પડતી નથી. મારે શરુઆત કેવી રીતે કરવી ?

ગણેશ : હું એક સૂચન કરું ?

વ્યાસ : અવશ્ય.

ગણેશ : તમે આ કાવ્યના કર્તા છો. તો તમારાથી જ શરુઆત કરીએ, તો કેમ ?

વ્યાસ : ભલે, જંગલમાં શિકારે નીકળેલો એક રાજા ઘસઘસાટ સૂતો હતો.

ગણેશ : ઘણી સારી શરુઆત છે.

● ● ●

ઈ.સ. ૧૯૮૫માં મહાભારતની સમગ્ર કથાને આધારે જયાં - કલોદ - કાર્પેરએ ફ્રેન્ચમાં મહાનાટકની રચના કરી. પીટર બ્રૂક આનો અંગ્રેજી અનુવાદ કરે - આ મહાનાટકનું દિગ્દર્શક કરે. નાટક ફ્રેંચમાં અથવા અંગ્રેજીમાં રજૂઆત પામે. ત્રણ ત્રણ કલાકના ત્રણ અંકો. છવ્વીસ કલાકારો. ભારતમાંથી મલ્લિકા સાર ભાઈ. દ્રૌપદી અને સત્યવતીની ભૂમિકામાં. આ નાટક માટે એ ખાસ ફ્રેંચ શીખ્યા. બાકીના બધા વિદેશી. ઈ.સ. ૧૯૮૭માં લંડન પાસેના ગ્લાસગો થિયેટરમાં સુરેશ દલાલ અને ઉત્પલ ભાયાણી પ્રેક્ષકોમાં હાજર. ઉત્પલ ભાયાણીએ એનો ગુજરાતી અનુવાદ કર્યો. ઈમેજ પબ્લિકેશન, મુંબઈ દ્વારા ઈ. ૧૯૯૧માં પ્રકાશિત થયો. ભારતીય મૂલ્યોને જાળવી રાખીને, વૈશ્વિક સ્તરે મહાભારતને મૂકવાનો આ સફળ પ્રયત્ન છે.

# ફેંગશુઈના બીજા ક્યોર્સ-સ્ત્રોત




વાસ્તુ અને ફેંગશુઈ
હિતેશ પટેલ

નમસ્કાર. ગયા લેખમાં ફેગશુઈ વિશે સામાન્ય માહિતી મેળવી અને ક્રિસ્ટલ બોલ વિષે જાણ્યું હતું. માર્કેટમાં ફેંગશુઈ ની અનેક ચીજ વસ્તુઓ મળતી હોય છે પરંતુ તેના વિશેની જાણકારી ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે તેને અહીં સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે.લેખની આ યાત્રાને આપણે આગળ વધારતા હવે આપણે આ કોલમ માં ફેંગસુઈ ના બીજા નવા ક્યોર્સ-સ્ત્રોત વિષે જાણીશું જે આપને જરૂર પસંદ પડશે..

૧- હોકાયંત્ર કંપાસ- દિશાઓની જાણકારી માટે હોકાયંત્ર એ સૌથી પહેલી શરત છે. હોકાયંત્ર જોતા આવડવું જરૂરી છે જેનાથી દિશાઓનો યોગ્ય ખ્યાલ મેળવી શકાય.આજે હોકાયંત્ર કમ્પાસ બજારમાં અને પ્રાયોગિક સાધનોમાં તેમજ મોબાઈલમાં પણ એપ્લિકેશન સ્વરૂપે જોવા મળે છે જેનો ઉપયોગ કરવો અને શીખવો જરૂરી છે. હોકાયંત્રના ઉપયોગ થકી ફેંગશુઈ અને વસ્તુ નું જ્ઞાન મેળવી શકાય છે. હોકાયંત્રની સોય થી ઝીરો ડિગ્રી થી બધી દિશાઓની સાચી સમજ મેળવી શકાય છે એટલે ફેંગશુઈ અને વાસ્તુ માટે પણ હોકાયંત્ર કંપાસની ખરીદી એ પહેલી શરત છે.








૨- વંશ વૃદ્ધિ કાચબો- આ એક ફેંગશુઈ ની રચના છે અને તેમાં ત્રણ કાચબા નો ઉપયોગ થાય છે જે એક ઉપર એક બેઠેલા જોવા મળે છે .કાચબો એ લાંબા આયુષ્યનું પ્રતીક છે તેમજ તે આપણને બીમારીઓથી રક્ષા પણ કરે છે. કાચબો (Tortoise) એક ઉભયજીવી પ્રાણી છે જે પાણી અને જમીન બંને જગ્યાએ જીવી શકે છે. શાસ્ત્રોમાં કાચબાનું અત્યંત મહત્વ જણાવવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે ઘરમાં કાચબો રાખવાથી પરિવારના સભ્યોમાં પ્રેમ ભાવના જળવાઈ રહે છે. તેમની પ્રગતિ થાય છે અને સાથે જ ઘરમાં ખુશીઓ પણ આવે છે. કાચબો રાખવાથી ઘરમાં ક્યારેય પૈસાની કમી નથી આવતી. .કાચબા ઉપર બેઠેલ કાચબા સંતાન નું પ્રતીક માનવામાં આવે છે જે પેઢી દર પેઢી વંશ વધે તેવું દર્શાવવામાં આવે છે નિઃસંતાન દંપતી પોતાના ઘર માં ઉત્તર દિશામાં આ વંશવૃધ્ધિ કાચબો જરૂર રાખવો જોઈએ સાથે સાથે પિતૃ પૂજા અને મોટા વડીલોની પૂજા પણ કરવી જોઈએ.દેવગુરુ બૃહસ્પતિ ની પૂજા કરવી જોઈએ.

૩- નાના બાળકોનું ચિત્ર- ઘરમાં નાના બાળકોનું ચિત્ર લગાવવું જોઈએ .આ ચિત્ર ડ્રોઈંગ રૂમ માં ઈશાન ખૂણામાં ઉત્તર -પૂર્વ દિશામાં લગાવવાથી શુભ ફળ પ્રાપ્ત થાય છે. નીઃસંતાન દંપતી નાના બાળકોનું ચિત્ર ઉપર મુજબ ની દિશા માં લગાવી શકે છે. તેમજ બાળકોના રમકડા બાળકોને લગતી કોઈપણ વસ્તુ આ દિશામાં મૂકવાથી તેમને સુખ પણ પ્રાપ્ત થાય છે અને તેમની પ્રગતિ થાય છે ..બાળકોએ ભગવાનના રૂપ મનાય છે.નાની બાળકીઓ ના ચરણસ્પર્શ એક અદ્ભુત ઉપાય છે.

હવે પછીના લેખ માં ફેંગશુઈ ના અન્ય સ્ત્રોત વિશે જાણીશું

hits8483@gmail.com.

# ભુજની વ્રજભાષા પાઠશાળા: મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર રાજકોટનું પ્રેરણાસ્ત્રોત



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થયા એ મહત્વની ઘટના હતી. આ સંદર્ભમાં રાજ્ય સરકારે જયારે સ્વર્ણિમ ગુજરાત મહોત્સવની ઉજવણી (૨૦૧૦) માટે તૈયારી કરી રહ્યું હતું ત્યારે અનેક વિષયો અંગે ચર્ચા વિચારણા થઈ હતી. એવી કઈ બાબતો છે કે ગુજરાતના ઉજળા વારસા સમાન હતી. આ બાબતોમાંથી કેટલીક બાબતો બદલાતા સમયમાં હાંસિયામાં પણ ધકેલાઈ ગઈ હોય તેમ બનવું સ્વાભાવિક છે. આથી આવી બાબતોને પુનઃ ચકાસીને તેને ફરી ઉજાગર કરવાનો રાજ્ય સરકારનો વિચારપૂર્વકનો આ પ્રયાસ હતો. આ બાબતમાં વિચારણા માટે સચિવોની એક ઉચ્ચ કક્ષાની સમિતિ કામ કરતી હતી. આ બાબતમાં અનેક સાક્ષરો-કેળવણીકારો તેમજ જાણકારી ધરાવતા લોકોના મંતવ્ય પણ મેળવવામાં આવતા હતા. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આ સમિતિને દિશાસૂચન તેમજ માર્ગદર્શન પુરા પાડતા હતા. આ વિષયોની ચર્ચામાં યોગદાન આપવાની મારી પણ જવાબદારી હતી. આ ચર્ચાઓ દરમિયાન સ્વાભાવિક રીતે જ ગુજરાતના સાહિત્ય સંગીત તથા લોકકલાઓ બાબતમાં પણ વિશદ ચર્ચાઓ થઈ. એક વાત લગભગ સૌના મનમાં રમતી હતી કે ગુજરાતના સમગ્ર સાહિત્ય ભંડારમાં લોકસાહિત્ય તેમજ ચારણી સાહિત્યનું એક આગવું મૂલ્ય છે. જો આ હકીકતનો સાર્વત્રિક સ્વીકાર હોય તો તેના જતન તેમજ સંવર્ધન માટે સરકારે કંઈક આયોજન કરવું જોઈએ તેવું તત્કાલીન મુખ્યમંત્રીશ્રીનું માર્ગદર્શન હતું. આ સંદર્ભમાં જેમના મહત્વના સૂચનો આવ્યા હતા તેમાં બે જાહેર જીવનના જાણીતા આગેવાનો શ્રી પુરુષોત્તમ રૂપાલા (હાલના કેન્દ્ર સરકારના મંત્રીશ્રી) તેમજ શ્રી પુષ્પદાન ગઢવી(પૂર્વ સાંસદ-ભુજ) તરફથી મળ્યા હતા. આ સૂચનો અંતરની લાગણી તથા મજબૂત તર્ક સાથે રજુ થયા હતા. આથી સ્વાભાવિક રીતે જ તેના પર રાજ્ય સરકારે વિશેષ ધ્યન આપ્યું હતું. રાજકોટ સ્થિત ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના શ્રી ગણેશ એ આ ચર્ચા વિચારણા તેમજ તત્કાલીન રાજ્ય સરકારની દીઘર્દ્રષ્ટીનું પરિણામ છે.

રાજ્ય સરકાર સમક્ષ એવી ઠોસ રજૂઆત હતી કે જો ભુજમાં લગભગ બે સદી પહેલા વ્રજભાષા પાઠશાળા ચાલતી હોય તો આધુનિક ગુજરાતે તેના પરથી કોઈક સંસ્થાકીય વ્યવસ્થા પણ ઉભી કરાવી જોઈએ. ભુજની વ્રજભાષા પાઠશાળાનું સ્મરણ કરીએ ત્યારે તે શાળાના એક પ્રતાપી વિદ્યાર્થી સદગુરુ બ્રહ્માનંદ સ્વામીનું સ્મરણ અવશ્ય થાય છે. સ્વામીનું પુર્વાશ્રમનું નામ લાડુદાનજી હતું.

વ્રજભાષા પાઠશાળા-ભુજ(કચ્છ)માં સાહિત્ય-સંગીત તેમજ અનેક વિદ્યાઓની જાણકારી ખાણ(રાજસ્થાન)ના કવિ લાડુદાનજીએ પ્રાપ્ત કરી હતી. અભ્યાસ પૂર્ણ થયા બાદ પાઠશાળાના નામને ઉજ્વળ કરી શકે તેવા આ સમર્થ કવિ અનેક નાના-મોટા રાજવીઓના દરબારમાં જાય છે. કવિ પોતાની યશસ્વી વિદ્યા તેમજ ઊંચી બુદ્ધિ પ્રતિભાના કારણે અનેક રાજવીઓની પ્રસન્નતા પ્રાપ્ત કરીને આદર-સત્કાર પામે છે. આવી યાત્રા દરમિયાન કવિ ભાવનગરના સુપ્રસિદ્ધ મહારાજા વજેસિંહજીને મળે છે. મહારાજા વજેસિંહજી પણ કવિની કાવ્યશક્તિથી પ્રભાવિત થાય છે. રાજ્યની મહેમાનગતિ માણતા અને રાજવી સાથે વિદ્યા વ્યાસંગ કરતા કવિશ્રી ભાવનગરમાં રાજવીના આગ્રહ તથા સ્નેહથી રોકાયા છે. આ સમયે દરબારમાં એક વાત થઈ જે કવિના જીવનમાં સંપૂર્ણ પરિવર્તન લાવનારી બની રહી. ભાવનગર તાબાના ગઢડામાં સ્વામિનારાયણ તરીકે ઓળખ પામેલા કોઈ તેજસ્વી પુરુષ પોતાના જ્ઞાન અને વ્યક્તિત્વથી સ્થાનિક લોકોનો અપૂર્વ આદર મેળવી રહ્યા છે તેવી વાત કહેવામાં આવી. આ પ્રતિભ સંપન્ન વ્યક્તિને અનેક લોકો ભગવાન ગણીને પૂજે છે તેવી વાત રાજ્ય દરબારમાં કહેવામાં આવી. ચર્ચા દરમિયાન કોઈકે પ્રતિભાવ આપતા તર્ક કર્યો: કળિયુગમાં વળી ભગવાનનો અવતાર ક્યાંથી હોય? ઉપરાંત સ્વામિનારાયણ નામ પણ દરબારમાં બેઠેલા સૌને અપરિચિત જણાયું. મહારાજનો આગ્રહ અને પોતાની ઉત્કંઠાને હિસાબે કવિશ્રી લાડુદાનજી સહજાનંદ સ્વામી તરીકે ઓળખાવતા આ પ્રભાવી પુરુષના દેવત્વની કસોટી કરવા સવારી લઈને ગઢડા જવા નીકળ્યા. કવિરાજની સવારી કાઠી દરબારોના ગામ ગઢડામાં પહોંચી. કવિરાજ મળવા ગયા ત્યારે સ્વામી સહજાનંદ મુક્તાનંદ સ્વામી તથા કેટલાક ભક્તો સાથે બેઠા હતા. સ્વામી તમામ ભક્તમંડળ પર કૃપા કરી વચનામૃતના વચનો સંભળાવતા હતા. પ્રથમ દ્રષ્ટિએ રાજવી સમાન દેખાતા પ્રભાવી મહાકવિ લાડુદાનજી એભલ ખાચરની ડેલીએ અશ્વ પર સવાર થઈને મહેમાન બનીને પહોંચ્યા. આવી ચડેલા પ્રભાવી અતિથિ શ્રીજી મહારાજનું દર્શન કરતા જ તેમનામાં ઓતપ્રોત થઈ ગયા. કવિનો સત્કાર શ્રીજી મહારાજે પણ અંતરના ઉમળકાથી કર્યો. મહારાજનું દર્શન કરીને કૃતાર્થ થયેલા શીઘ્રકવિ લાડુદાનજીએ પોતાના મનની વાતનું નીચેના સુંદર શબ્દોમાં બયાન કર્યું.

આજની ઘડી રે ધન્ય આજની ઘડી.
નેણે નીરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી.

પોતાના પ્રિય વતન મારવાડ તરફથી મુખ ફેરવી લાડુદાનજી શ્રીજી મહારાજના થઈને રહ્યા પોતાની તમામ દુન્વયી ઓળખ તથા સાયબીનો તેમણે ત્યાગ કર્યો. પોતાની અસાધારણ કાવ્યસર્જન શક્તિને કારણે મહારાજના અનેક પદોની રચના કરી. આજે પણ બ્રહ્માનંદ સ્વામી તરીકે ઓળખાતા આ પ્રતાપી સાધુના પદો-કીર્તનો મોટા પ્રમાણમાં ગવાતા અને ઝીલતા હોય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સાધુ તથા સાહિત્યના સમર્થ સર્જક બ્રહ્માનંદ સ્વામી તેમની ઉત્કટ ભક્તિને તેમજ ઉત્તમ સર્જનો માટે સદાકાળ જીવંત છે. આજ રીતે આવા મોટા ગજાના કવિને તૈયાર કરનાર કચ્છની વ્રજભાષા પાઠશાળા પણ ઈતિહાસમાં અલગ માન અને સ્થાન ધરાવે છે. આપણે આપણી નાલંદા કે તક્ષશિલા વિદ્યાપીઠનો ગૌરવથી ઉલ્લેખ કરીએ છીએ. આવું જ વિદ્યાનું એક ઉત્તમ ધામ એટલે ભુજની વ્રજભાષા પાઠશાળા. બ્રહ્મમુનિ પણ ભુજની આ પાઠશાળાના અમૂલ્ય રત્ન સમાન હતા. કચ્છના વિદ્વાન રાજવી મહારાવ શ્રી લખપતજી તથા તેમના રાજ્યકવિ હમીરજી રત્નુની સાહિત્ય પ્રીતિ તેમજ ઉદારતા અને દીઘર્દ્રષ્ટિને કારણે આ સંસ્થાનો ઉદ્ભવ થયો અને ક્રમશઃ વિકાસ થયો. લગભગ બસ્સો વર્ષ સુધી (ઈ.સ. ૧૭૪૯ થી ૧૯૪૮) આ પાઠશાળા કાર્યરત રહી. દેશના અનેક ભાગમાંથી સાહિત્ય તેમજ સર્વગ્રાહી શિક્ષાની દીક્ષા પ્રાપ્ત કરવા માટે વિદ્યાના ઉપાસકો અહીં આવતા હતા. આપણાં આ ભવ્ય વારસાને જાળવવા રાજ્ય સરકારે કરેલો પ્રયાસ પ્રશંસનીય છે.

# ‘લોંગેવાલા ડે’ - આ દિવસે ભારતીય જવાનોએ પાકિસ્તાની સેનાને ઉલ્ટા પગે દોડાવી હતી



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ

(ચોથી ડિસેમ્બર- ‘ લોંગેવાલા ડે ’)

‘...ઈંશા અલ્લાહ, હમ નાસ્તા લોંગેવાલા મેં કરેંગે, દોપહરા કા ખાના રામગઢમેં ખાયેગેં ઔર રાતા કા ખાના જેસલમેર મેં હોગા. ’ એક જ દિવસમાં ખેલ ખતમ કરી લોંગેવાલા થઈ જેસલમેર ઉપર કબજો જમાવવાના મનસૂબા સાથે નિકળેલા પાકિસ્તાનની બ્રિગેડિયર જનરલ તારિક મીર અને તેમની ત્રણ હજારની સેનાને ભારતના ફક્ત ૧૨૦ જવાનોએ ૧૯૭૧ના આજના દિવસે ઉલ્ટા પગે પાછા પાકિસ્તાન તરફ દોડાવેલ. ભારતીય જવાનોની સંખ્યા ઓછી પણ જુસ્સો અસિમ હતો. ચોથી ડિસેમ્બર, ૧૯૭૧ના રોજ પાકિસ્તાની સેનાએ તેના નાપાક ઈરાદાઓ સાથે ભારત ઉપર હુમલો કર્યો. મેજર કુલદીપ ચાંદપુરીની આગેવાનીમાં ચાર અને પાંચ ડિસેમ્બર ચાલેલી આ લડાઈમાં પંજાબ રેજીમેન્ટના એકસોવીસ જવાનો થારના રણમાં આખી રાત લડ્યા. બીજા દિવસે સવારથી ભારતીય વાયુ સેનાએ તેના ‘ એચ.એફ.૨૪ મારુત’ અને ‘ હૉકર હુંટર ’ એરક્રાફ્ટની મદદથી પાકિસ્તાની સેનાને પછડાટ આપવામાં અદ્વિતિય ભૂમિકા ભજવી તેને આખરી અંજામ આપ્યો. આ યુધ્ધમાં એરક્રાફ્ટના હુમલાઓમાં ૨૨ પાકિસ્તાની ટેક્ર અને રાત્રે જમીન હુમલાઓમાં ૧૨ ટેક્રો મળી કુલ ૩૪ ટેક્રોનો ખાતમો બોલાવવામાં આવેલ અને બીજા ૫૦૦ વાહનોનો નાશ થયેલ અને તેમાંના કેટલાક ભારતીય સેના દ્વારા કબજે લેવામાં આવેલ . પાકિસ્તાની સેનાના ૨૦૦ સૈનિકોના મૃત્યુ થયેલ.

૧૯૭૧ની પાકિસ્તાનની લડાઈના કેન્દ્રમાં ભારતનો પૂર્વ ભાગ કબ્જે કરવાનો હતો. પણ ભારત દ્વારા પસ્ચિમ સીમાએ એટલા માટે નજર રાખવામાં આવી રહી હતી કે પાકિસ્તાનની સેના આ વિસ્તારનો કબ્જો મેળવી પૂર્વીય સીમા પર સમજુતી માટે ભારતને મજબૂર ન કરે. તેની યોજના રામગઢ અને કિશનગઢની સીમાએથી રાજસ્થાનમાં પ્રવેશ કરવાની હતી. ચોથી ડિસેમ્બરે લેફ્ટનન્ટ ધરમીરસિંહ ૨૯ સૈનિકો સાથે સીમા ઉપર પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે સમયે ત્યાં તેમને વાહનોની અવાજ સાંભળવા મળી. અને તરજ એ વાતની પુષ્ટિ થઈ કે પાકિસ્તાની સેના તેની ટેંકો સાથે પિલર નંબર ૬૩૮ બાજુથી લોંગેવાલા પોસ્ટ તરફ આગળ વધી રહેલ છે. આટલી મોટી સેનાની ખબર પડતાં તુરંત મેજર ચાંદપુરીએ સહાય મેળવવા સેનાના મુખ્યાલયનો સંપર્ક કરી હથિયાર અને સૈનિકો મોકલવા વિનંતી કરી. એ વખતે પોસ્ટ ઉપર મર્યાદિત સંખ્યામાં હથિયારો અને સૈનીકો હતા. પણ મુખ્યાલયથી સંદેશ આવ્યો કે ‘ પોસ્ટ ખાલી કરી રામગઢ પાછા આવી જાઓ અથવા તો ૧૨૦ જવાનો દ્વારા લડો. ’ ભારતીય વાયુસેનાની મદદ માંગવામાં આવી પણ તેના ‘ હૉકર હુંટર ’ એરક્રાફ્ટમાં નાઈટ વિઝન નહોતું તેથી તે સવાર પડે પછી જ હુમલો કરી શકે તેમ હતાં. આ બધા કારણોસર નાછૂટકે સવાર પડે ત્યાં સુધી પાકિસ્તાનની લોંગેવાલા પોસ્ટ તરફની કૂચને આ નાનકડી સૈન્ય ટુકડીએ ગમે તેમ કરી રોકી રાખવા તેની સાથે મુકાબલો કરવાનો હતો. મેજર ચાંદપુરીએ પાછા હટવાને બદલે લડી લેવાનું ઉચિત સમજ્યું. ભારતીય સેના જીપ ઉપર લાગેલી રિકોયલલૈસ રાઈફલ અને ૮૧એમ.એમ.મોર્ટરથી વળતો હુમલો કર્યો. શરૂઆતની કામગીરી એટલી ખતરનાક હતી કે પાકિસ્તાની સૈન્યે દૂર રહીને જ જંગ લડવાનો ફેંસલો કર્યો. અગ્નિ પરિક્ષાની રાત હતી. ફોલાદી તાકાત ધરાવતા ભારતના સૈનિકો ‘ જો બોલે સો નિહાલ સત શ્રી અકાલ’ના નારાઓ સાથે દિવસ બની દુશ્મનો સામે ઉભા હતા. આમ, મર્યાદિત સૈનિકો અને વાહનો સાથે ભારતીય જવાનોએ રાતના અંધારામાં પણ જમીન હુમલાઓમાં પાકિસ્તાનની ૧૨ ટેક્રો અને સંખ્યાબંધ વાહનોનો ખાતમો બોલાવી સવાર પડે અને વાયુસેનાની મદદ મળે ત્યાં સુધી દુશ્મનોને આગળ વધવા ના દિધા. સૂરજ ઉગવાની રાહ જોવાઈ રહી હતી. આ યુધ્ધ દરમિયાન ભારતીય સૈનિકો નજીકમાં આવેલ ચારણોની દેવી તનોટરાય માતાજી (આવડમાં)ના મંદિરમાં સંતાઈને હુમલાઓ કરતા હતા ત્યારે આ મંદિર સહિત ભારતીય સૈનિકોનો ખાત્મો બોલાવવા માટે દુશ્મનો દ્વારા ત્રણ હજાર જેટલા બોંબ ફેકવામાં આવેલ પરંતુ તનોટરાય માતાજીની કૃપાથી તેમાંથી એક પણ બોંબ ફૂટ્યો નહીં. આજે પણ આ બોંબ સજીવ હાલતમાં મંદિરના મ્યુઝિયમમાં રાખવામાં આવેલ છે. સવાર પડતાં જ આ લડાઈ વાયુસેના અને પાકિસ્તાની તોપખાના વચ્ચે શરૂ થઈ. વાયુસેનાએ બે ‘ હૉકર હુંટર ’ વિમાનનોથી આક્રમણ કર્યું. પણ આ એરક્રાફ્ટમાં આજની જેમ નેવિગેશન સિસ્ટમ એટલી બધી આધુનિક નહોતી અને પ્રકાશ પણ એટલો ઓછો હતો એટલે લેન્ડ માર્કિંગ વગર આકાશમાંથી જમીનનો અંદાજ લગાવવો મુશ્કેલ હતું. એટલે આ વિમાનો જેસલમેરથી લોંગેવાલા જવાની સકડને ધ્યાને રાખી આગળ વધ્યા અને દુશ્મનો ઉપર ખૂબ જ નીચી ઊંચાઈથી હુમલા શરૂ કર્યા અને બપોર સુધીમાં ધુળની ડમરીઓમાં છૂપાયેલા ૨૨ પાકિસ્તાની ટેક્ર અને સંખ્યાબંધ સાધનોને તબાહ કરી નાખ્યા. પાકિસ્તાની સૈન્ય આગળ વધી રહેલ ત્યારે વાયુસેનાએ તેના હુમલા વધારી દીધા, ત્યારે ગભરાઈ ગયેલા પાકિસ્તાની સૈનિકો તેમના ટેંકો લઈ અહીતહી ભાગવા લાગ્યા અને પીછેહઠ કરવા લાગ્યા. અને પોતાની જેસલમેર કબજે કરવાની મુરાદ બર ન આવતાં પાકિસ્તાન તરફ પરત ફરવું પડ્યું. આ જંગને પાર ઉતારનાર મેજર કુલદીપ સિંગ ચાંદપુરીએ તેમના અનોખા અંદાજમાં કીધું કે ‘દુશ્મન આટલી મોટી ફૌજ લઈને આવ્યો પણ ૨૩મી પંજાબ બટાલિયનના દાયરામાં ફસાઈ ગયો.’ આવા મેજર કુલદીપ સિંગ ચાંદપુરીને બહાદુરી ચંદ્રક ‘ મહાવીર ચક્ર ’થી નવાજવામાં આવેલ. તે વખતે તેમણે કહેલું કે ‘ મને આ મહાવીર ચક્ર અને અન્ય બહાદુરી પુરસ્કારો મળ્યા તેનો શ્રેય આજે પણ હું મારા સાહસી અને બહાદુર જવાનોને આપું છું.’ સરહદ ઉપર હંમેશા લડવા તત્પર એવા આ બહાદુર ભારતીય સેના અધિકારીએ ૧૭મી નવેમ્બરે, ૨૦૧૮ના રોજ આપણી વચ્ચેથી વિદાય લીધી.

૧૯૯૭માં આ યુધ્ધનું તાદ્દશ્ય વર્ણન કરતી ‘બોર્ડર’ ફિલ્મ બની છે અને તેમાં લોંગેવાલા જંગના રિયલ હિરો મેજર કુલદીપ સિંગ ચાંદપુરીનો રોલ અભિનેતા સની દેઓલે કર્યો છે. લેફ્ટ. ધરમીરસિંહની ભૂમિકામાં અક્ષય ખન્ના છે.

૧૯૭૧ના ભારત-પાકિસ્તાનના યુધ્ધમાં પાકિસ્તાનની નામોશીભરી હારનો ઈતિહાસ અને આ યુધ્ધ દરમિયાન કબજે લેવાયેલા ટેંકો, વાહનો, તોપો, બંકરો વિગેરે દર્શાવતું પ્રદર્શન લોંગેવાલામાં છે. ચોથી ડિસેમ્બરને ‘ લોંગેવાલા ડે ’ તરીકે ઓળખવામાં આવે છે.

sscharan_aaa@yahoo.co.in
(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧૨